"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં.

તા: ૦૪/૦૬/૨૦૧૮

તંત્રી શ્રી, ______________________

સુરત

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## <u>રાજપૂત સમાજના બ્રેનડેડ મહેશકુમાર ઉર્ફે મહિપાલસિંહ દલપતસિંહ વશીના પરિવારે</u>
## <u>કિડની, લિવર અને ચક્ષુઓનું</u>
## <u>દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજ ને નવી દિશા બતાવી.</u>

નામ: મહેશકુમાર ઉર્ફે મહીપાલસિંહ દલપતસિંહ વશી ઉ. વ. ૩૮ બ્લડગ્રુપ: B+ ve

ખરચમાં આવેલ બીરલા સેલ્યુલોજીક કંપનીમાં ટેકનિશિયન તરીકે ફરજ બજાવતાં હતાં.

રહેવાસી : ઓમનગર સોસાયટી, જી.ઈ.બી. ની પાસે, ગામ: કોસંબા

મૂળ રહેવાસી : ગામ. કંટવા, જી.સુરત

કૌટુંબિક વિગત: પત્ની: બીનાબેન મહેશકુમાર વશી ઉ.વ. ૩૪

પુત્ર : જયવીરસિંહ મહેશકુમાર વશી ઉ.વ. ૧૨

ખરચમાં આવેલ આદિત્ય બિરલા પબ્લિક સ્કુલમાં ધોરણ ૬ માં અભ્યાસ કરે છે.

૨...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E 7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવનીવિગત:</u>

મહેશકુમાર ઉર્ફે મહિપાલસિંહે શુક્રવાર તા: ૧ લી જુનનાં રોજ માથામાં દુઃખાવાની ફરિયાદ કરી હતી અને ત્યારબાદ તેમને પાંચ છ ઉલ્ટી થતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક કોસંબામાં આવેલ આર્શીવાદ હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરતમાં આવેલ INS હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ થવાને કારણે મગજમાં સોજો વધી ગયો હોવાનું નિદાન થયું હતું.

સોમવાર તા: ૪ જુનનાં રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ડૉ. ધવલ પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણી, અને ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે મહેશકુમારને બ્રેનડેડ જાહેર કર્યા.

મહેશકુમારના મિત્ર સંજયસિંહ સોલંકી તેમજ પોલીસ ઇન્સ્પેકટર કરણસિંહ ચુડાસમાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મહેશકુમારના બ્રેઇનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી મહેશકુમારના પત્ની બીનાબેન, ભાઈ રાકેશકુમાર, સસરા ધર્મેન્દ્રસિંહ, સાળા દિવ્યરાજસિંહ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમે આજ હોસ્પીટલમાંથી બે દિવસ પહેલાં એક બ્રેનડેડ દર્દીનાં અંગોનું દાન થતાં જોયું હતું. આજે જ્યારે ડોક્ટરોએ અમારા સ્વજનને બ્રેનડેડ જાહેર કર્યા છે અને ડોનેટ લાઈફની ટીમે પણ આવીને અંગદાનનું મહત્વ સમજાવ્યું, તેમજ આજે અમે વર્તમાનપત્રોમાં પણ ઓર્ગન ડોનેશન અંગેના સમચારો વાંચ્યા હતા તેથી અમને થયું કે આ એક ઈશ્વરીય કાર્ય છે. શરીરના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતાં તેના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. મિતુલ શાહ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી પ્રદીપ પરસોત્તમભાઈ ચૌહાણ ઉ.વ.૩૫ અને બીજી કિડની અમદાવાદના રહેવાસી યશેષ જીતેન્દ્રભાઈ પટેલ ઉ. વ. ૧૬માં. જયારે લીવર વડોદરાના રહેવાસી મેહુલ મનુભાઈ પટેલ ઉ.વ. ૪૪માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં મહેશકુમાર ઉર્ફે મહિપાલસિંહના પત્ની બીનાબેન, ભાઇ રાકેશકુમાર, સસરા ધર્મેન્દ્રસિંહ, સાળા દિવ્યરાજસિંહ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ડૉ. ધવલ પટેલ, ન્યુરોફીજીશિયન ડૉ. મનોજ સત્યવાણી, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ.અંકિત ગજ્જર, INS હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ, તથા ડોનેટ લાઈફના પ્રમુખ શ્રીનીલેશ માંડલેવાલા, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૫૩ કિડની, ૧૦૨ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૧૬ ચક્ષુઓના દાન મેળવીને ૫૯૧ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 82031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**